# ભિલોડામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ, ૪ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ

## મોડાસા સહિત અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદ, ખેતરોમાં પાણી ભરાયા

ભિલોડા, તા. ૨૨ અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના દરેક તાલુકા મંથકમાં સાર્વત્રિક વરસાદ વરસતા ધરતીપુત્રોમાં આનંદ છવાયો છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડયો હતો.

જિલ્લાના ભિલોડા નગર અને પંથકમાં ગણેશ ચતુર્થીની વહેલી સવારે મેઘરાજાએ ભારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને આક્રમક રીતે ત્રાટકતાં નગરના અનેક વિસ્તારો પાણી-પાણી થઇ ગયા હતા. ભિલોડાની સીવીલ હોસ્પિટલમાં પાણી ભરાતા દર્દીઓ અને આરોગ્યકર્મીઓ કફોડી હાલતમાં મુકાયા હતા. ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૪ કલાકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતા નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતા. કેનાલો પણ તૂટી ગઈ હતી, સૌથી વધુ કફોડી સ્થિતિ નારાણપુર ગામમાં જોવા મળી હતી. ઘરોની અંદર પાણી ઘુસી ગયા હતા મોડાસા શહેરમા સવારે મેઘરાજાની સવારી કડાકા ભડાકા સાથે પહોંચતા ચાર રસ્તા પર તળાવ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા.

મોડાસા શહેર સહિત અરવલ્લી જીલ્લામાં શનિવારે વહેલી સવારથી ભારે મેઘગર્જના સાથે વરસાદ ખાબક્યો હતો. વીજળીના કડાકા, ભડાકા સાથે શહેરમાં ખાબકેલા ૨ ઈંચ જેટલા વરસાદથી ઠેરઠેર પાણી ભરાઈ જતા શહેરના ધબકતા જનજીવન પર બ્રેક લાગી હતી અને શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ જતા વાહનચાલકો પણ ભારે પરેશાન બન્યા હતા. તો ક્યાંક પાણીમાં વાહનો બંધ થઈ જવા પામ્યા હતા.

શહેરના હાર્દસમા ચાર રસ્તા, કડિયાવાડા રોડ અને જુના બસસ્ટેન્ડ પાછળના વિસ્તારોમાં ૨ ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. મોડાસા જીઆઈડીસીથી જીલ્લા સેવાસદન રોડ પર ૬ જેટલા વીજપોલ નમી પડ્યા હતા.





### સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજા મહેરબાન

## ખેડબ્રહ્મામાં પાંચ, ઈડર અને પોશીનામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ


### પ્રાંતિજ, તલોદ અને હિંમતનગર તાલુકો વરસાદથી વંચિત

હિંમતનગર, તા. ૨૨ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ મહેરબાન થઈને જિલ્લાના કેટલાક વિસ્તારોને વરસાદી પાણીથી તરબતર કરી દીધા છે. જે મુજબ શુક્રવારે સાંજે છ વાગ્યાથી શનિવારે સાંજે ચાર વાગ્યા સુધીમાં ખેડબ્રહ્મા તાલુકામાં અંદાજે ૧૨૮ મી.મી. એટલે કે પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકતા આ વિસ્તારમાંથી પસાર થતી નાની નદીઓ તથા નાળાઓમાં નવા પાણીની આવક શરૂ થઈ ગઈ છે. તેજ પ્રમાણે જિલ્લાના ઈડર અને પોશીના પંથકમાં પણ ત્રણ ઈંચથી વધુ વરસાદ થયાના અહેવાલ સાંપડી રહ્યા છે. જો કે પ્રાંતિજ તલોદ અને હિંમતનગર તાલુકો વરસાદથી વંચિત રહ્યો હોય તેમ સામાન્ય વરસાદ પડ્યો છે.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે રાત્રે ઈડરમાં ૬૩, ખેડબ્રહ્મામાં ૫૮, તલોદમાં ૧૦, પ્રાંતિજમાં ૦૨, હિંમતનગરમાં ૦૬ અને વિજયનગરમાં ફક્ત ૦૧ મી.મી. વરસાદ પડ્યો હતો. ઈડર અને ખેડબ્રહ્મા પંથકમાં રાત્રે પડેલા સારા વરસાદને કારણે હરણાવ તથા હડાદ પાસેની સાબરમતી નદીમાં નવા નીર આવ્યા હતા. તથા બંને તાલુકામાં આવેલી અન્ય નાની નદીઓમાં પાણીની આવક શરૂ થતા ઈડર પાસેથી પસાર થતી ઘઉવા નદીમાં પૂર આવતા તે પાણી ગુહાઈ ડેમમાં આવી ચુક્યુ છે.

બીજી તરફ શનિવારે સવારે છ થી સાંજે ચાર વાગ્યા સુધીમાં કુલ મળી ઈડરમાં ૮૭, ખેડબ્રહ્મામાં ૧૨૮, તલોદમાં ૨૦, પ્રાંતિજમાં ૧૪, પોશીનામાં ૨૬, વડાલીમાં ૭૮ જ્યારે હિંમતનગરમાં ૧૦ અને વિજયનગરમાં હળવો વરસાદ કહી શકાય તેમ ફક્ત ૧૩ મી.મી. વરસાદ થયો છે. શનિવારે આખો દિવસ હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં સામાન્ય વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો. જેના લીધે તાલુકાના તમામ માર્ગો વરસાદી પાણીથી ભીંજાયેલા રહ્યા હતા. સાંજે પાંચ વાગે હિંમતનગર તથા તાલુકાના અન્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદના છાંટા ચાલુ રહેતા માખી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.





## મેઘરાજાના રોદ્ર સ્વરૂપથી પ્રચલીત સુનસર ધોધ ઓવરફ્લો થતા રસ્તો બંધ કરાયો

### વાહનવ્યવહાર ડાયવર્ટ કરાયો

ભિલોડા, તા. ૨૨

અરવલ્લીની ગીરીમાળાઓમાં ભારતમાતાના મંદિર પાસે આવેલો પ્રચલિત સુનસર ધોધ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા અને ભિલોડામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગના પગલે સુનસર ધોધ જીવંત થતા ધોધમાંથી ખડખડ વહેતા પાણીનો નયનરમ્ય નજારો અને સોળે કળાએ ખીલી ઉઠેલી વનરાજીનો લુપ્ત ઉઠાવવા મોટી સંખ્યામાં સહેલાણીઓ જોવા માટે ઉમટી રહ્યા છે. શનિવારે વહેલી સવારે ભિલોડા પંથકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતા સુનસર ધોધ ઓવરફ્લો થતા રોડ પર પાણીનો ધસમસતો પ્રવાહ ફરી વળતા તંત્રએ રોડ બંધ કરવાની ફરજ પડી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## સાબરકાંઠામાં ૨૪ ઓગષ્ટે ગુજકેટની પરીક્ષા યોજાશે : ૩૦૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

### ૨૫ થી ૨૮ ઓગષ્ટ સુધી ધો. ૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા લેવાશે

હિંમતનગર, તા. ૨૨ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૦માં લેવાયેલી ધો. ૧૦ અને ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે તા. ૨૫ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન હિંમતનગર કેન્દ્રમાં ગોઠવાયેલી બેઠક વ્યવસ્થા મુજબ પુરક પરીક્ષા લેવાશે તથા તા. ૨૪ ઓગષ્ટે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા યોજાશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના જણાવાયા મુજબ માર્ચ-૨૦૨૦ માં ધો. ૧૦ અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા તા. ૨૫ થી ૨૭ ઓગષ્ટ દરમિયાન હિંમતનગરના ત્રણ પરીક્ષા કેન્દ્રો પર લેવાશે જે મુજબ ગોઠવાયેલા ૩૨ પરીક્ષા ખંડોમાં અંદાજે ૬૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

તે ઉપરાંત ધો. ૧૦ ની તા. ૨૫ થી ૨૮ ઓગષ્ટ દરમિયાન હિંમતાનગરના ૧૬ પરીક્ષા બિલ્ડીંગોમાં આવેલા ૨૧૦ પરીક્ષા ખંડોમાં અંદાજે ૪૨૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. સાથોસાથ ગુજકેટની પરીક્ષા પણ હિંમતનગરના ૧૫૩ પરીક્ષા ખંડોમાં યોજાશે. આ પરીક્ષામાં અંદાજે ૩૦૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જોકે કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પરીક્ષાર્થીએ ફરજીયાત માસ્ક ધારણ કરી સોશિયલ ડીસ્ટન્સ જાળવીને પરીક્ષા ખંડમાં દાખલ થતા પહેલા પોતાના હાથ સેનેટાઈઝ કરાવ્યા બાદ થર્મલ ગનથી ટેમ્પ્રેચરનું ચેકીંગ કરાવ્યા બાદ પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવવાનો રહેશે.

## અરવલ્લીમાં નવા એસ.પી. આવતા જ બાયડ પોલીસ દોડતી થઈ

### ડેમાઈ ગામેથી રેડ કરી ૨૫૦૦૦નો દારૂ ઝડપ્યો

બાયડ પીએસઆઈ ની નજર સમક્ષ ચાલતા અડ્ડાઓ નવા પોલીસવડા આવ્યા બાદ અડ્ડાઓ ઓચિંતા દેખાઈ આવ્યા.

અરવલ્લી જિલ્લામાં નવા જિલ્લા પોલીસ વડાની નિમણૂક થતાં જ બાયડ પોલીસ દોડતી થઈ ગઈ હતી. તાલુકામાં અનેક જગ્યાએ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે ત્યારે પી.એસ.આઈ દ્વારા અડ્ડાઓને નજર અંદાજ કરવામાં આવતા હોવાને લઈ અગાઉ ગાંધીનગરથી વિજિલન્સ ને બાયડ તાલુકામાં લાંબો થવાનો વારો આવ્યો હતો. વિજિલન્સે અગાઉ ડેમાઈ નજીકથી જ દારૂ ઝડપી પાડયો હતો. ત્યારે બાયડ પોલીસ ને બાતમી મળતા ડેમાઈ ગામે રેડ કરી ૨૫ હજાર ઉપરાંતનો દારૂ ઝડપી પાડયો હતો જેમાં ઓફિસર કલાસિક વિસ્કી ની ૨૬બોટલો કિંમત ૧૩૦૦૦, ઓફિસર ચોઈસ ને કલાસિક ૩૭૫ મી. લી ની ૭ બોટલો કિંમત૧૬૧૦, રોયલ સ્ટેગ ની ૬ બોટલો કિંમત૨૧૬૦, બીયરના ટીન૭૮ કિંમત૮૬૫૮ મળી કુલ ૨૫૦૦૦ ઉપરાંત નો દારૂ સાથે કૃણાલ ગીરીશભાઈ પટેલને ઝડપી પાડયો હતો.



## સાબરકાંઠામાં કોરોનાના ત્રણ કેસ નોંધાયા : કુલ આંક ૬૦૧ પર પહોંચ્યો

હિંમતનગર, તા. ૨૨ સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના નવા કેસમાં ખુબ ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં નવા ત્રણ કેસ નોંધાયા છે. જે સાથે કુલ કેસનો આંકડો ૬૦૧ પર પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન જે નવા ત્રણ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરમાં નવો એક કેસ વધ્યો છે. જે મુજબ મહાવીરનગરમાં રહેતા ૪૬ વર્ષિય પુરૂષ અને ઈડરમાં આવેલી વૈશાલી સોસાયટીમાં ૭૦ વર્ષીય મહિલા તથા સાનિધ્ય સોસાયટીમાં ૪૬ વર્ષિય પુરૂષ કોરોનાની ઝપેટે ચઢ્યા છે. જોકે છેલ્લા કેટલાક દિવસથી કોરોના પોઝીટીવ કેસની સંખ્યામાં ઝડપથી ઘટાડો નોંધાઈ રહ્યો છે. ત્યારે કુલ કેસ પૈકી અત્યાર સુધીમાં ૫૪૧ લોકોને ડીસ્ચાર્જ અપાયા છે અને હાલ જિલ્લામાં ૫૩ કેસ એક્ટીવ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે.



બનાસકાંઠા જીલ્લાના ડીસામાં આજે સવારના સમયે હત્યા કરાયેલી હાલતમાં યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકનું નામ સુરેશભાઈ બારોટ હોવાનું સામે આવ્યુ હતુ. આ તરફ હવે બારોટ સમાજના લોકોએ જો ૨ દિવસમાં હત્યારાઓ નહી ઝડપાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે. ગઈકાલે મળેલો મૃતદેહ ઉપર છરી જેવા ઘાતક હથિયારોથી ઘા માર્યા હોવાથી પોલીસે હત્યા કોણે અને કયા કારણોસર કરી તે મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ તરફ પરિવારજનોને ઘટનાની જાણ થતાં તેઓ ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા હતા.

### એક વર્ષ અગાઉ માનડા ગામે સાઢુએ દારૂમાં ઝેર ભેળવી

## સાઢુની હત્યા કરી તળાવમાં નાખી દીધી હતી, હત્યાનો ભેદ ઉકેલતી એલસીબી પોલીસ

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે. પરમારે ચાર્જ સાંભળતાંની સાથે જીલ્લામાં વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા કમર કસી છે. મેઘરજ તાલુકાના માનડા ગામની તલાવડીમાંથી એક વર્ષ અગાઉ ભુવાલ ગામના ૨૬ વર્ષીય રણજીતભાઈ ભુરાભાઈ ડામોર નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઈસરી પોલીસે તળાવમાંથી મૃતદેહ બહાર કાઢી પીએમ માટે મોકલી અપ્યો હતો. એફએસલ રિપોર્ટમાં યુવકનું મૃત્યુ ઝેર પીવાથી મોત નીપજ્યું બહાર આવતા ઈસરી પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગૂન્હો નોંધવામાં આવ્યો હતો. ઈસરી પોલીસનો હત્યાના ગુન્હો ઉકેલવામાં પનો ટૂંકો પડતા એક વર્ષ જેટલા સમય સુધી હત્યાનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ રહેતા ડીવાયએસપી ભરત બાસિયાએ વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા તેમના માર્ગદર્શન હેઠળ અરવલ્લી એલસીબીને તપાસ સોંપતા એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં ગુન્હાનો ભેદ ઉકેલી મૃતકના સાઢુ પ્રભુભાઈ મણાભાઈ ખરાડી નામના હત્યારાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.



મેઘરજ તાલુકાના માનડા ગામે રહેતા પ્રભુભાઈ મણાભાઈ ખરાડીએ એક વર્ષ અગાઉ તેની પત્ની સાથે તેના સાઢુ રણજીતભાઈ ભુરાભાઈ ડામોરને પ્રેમ સંબંધ હોવાનો વ્હેમ પેદા થતા રણજીતભાઈની હત્યા કરવાનો અને હત્યાને આકસ્મિક મૃત્યુમાં ખપાવાનો પ્લાન ઘડી કાઢ્યો હતો જેમાં મહદંશે સફળ પણ રહ્યો હતો પરંતુ પાપ છાપરે ચઢી પોકારે યુક્તિને યર્થાત ઠેરાવતા વર્ષ પછી એલસીબી પોલીસે હત્યારા પ્રભુ મણાભાઈ ખરાડીને દબોચી લીધો હતો.

પ્રભુ મણાભાઈ ખરાડીએ ૨૧ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ મહેમાન ગતિએ આવેલા તેના સાઢુ રણજીતભાઈને મોતને ઘાટ ઉતારવા દારૂની મહેફિલ જમાવી ઝેરી દવા ભેળવેલ દારૂ પીવડાવતા રણજિત ઢળી પાડ્યો હતો. રણજિત મોતને ભેટતા હત્યાની ઘટના છુપાવવા રણજીતના મૃતદેહને ગામ નજીક આવેલ તલાવડીમાં નાખી દઈ ઠંડાં કલેજે હત્યાનો અંજામ આપી રાબેતા મુજબ જીવન જીવવા લાગ્યો હતો. એલસીબી પોલીસે બાતમીદારોના આધારે અને આગવી ઢબે પ્રભુ ખરાડીની પૂછપરછ કરતા પ્રભુ ખરાડી પોપટની માફક હત્યાને કઈ રીતે અંજામ આપ્યોનું કાબુલી લીધુંહતું. અરવલ્લી એલસીબી પોલીસે હત્યારા પ્રભુ ખરાડીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અરવલ્લી જિલ્લામાં "ગંદકીમુક્ત ભારત" અભિયાન સપ્તાહની ઉજવણી કરાઈ

સમગ્ર દેશવાસીઓ સ્વચ્છતાના આગ્રહી બને તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગંદકીમુક્ત ભારત અભિયાનની શરૂઆત કરી છે જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં "ગંદકી મુક્ત ભારત"અભિયાનની સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.



જેમાં ગ્રામ્યકક્ષાએ જેમાં સરપંચ સાથે ઈ-રાત્રી સભા, એક વખત વપરાશમાં લઈ શકાય તેવા પ્લાસ્ટીકને એકત્રિત અને અલગ કરવાની કામગીરી ઉપરાંત ગામમાં શ્રમદાનની પ્રવૃતિઓ દ્વારા જાહેર મકાનોને સાફ સફાઈ સાથે વ્હાઈટ વોશ કરવો તેમજ શિક્ષણ અને જાગૃતિ માટે સ્વચ્છ ભારત મિશન મોબાઈલ એકેડમીનો પ્રારંભ કરવો, ગ્રામ્યકક્ષાએ જાહેર સ્થળો, દીવાલો પર વોલ પેન્ટિંગ, શ્રમદાન દ્વારા વૃક્ષારોપણ તેમજ તેમજ "ગંદકી મુક્ત મારું ગામ" થીમ પર ઓનલાઈન, ચિત્ર, નિબંધ સ્પર્ધાનું આયોજન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સફાઈ સહિત સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયા અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડી. બી. દાવેરાના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાઈ હતી જેમાં અરવલ્લીના ગ્રામવાસીઓ સ્વચ્છતા માટે કટીબધ્ધ બન્યા હતા.

## ડીસામાં નોકરીમાંથી કાઢી મુકાવ્યાની શંકાએ હત્યા કરનાર ઝડપાયો

ડીસા, તા. ૨૨ કોરોના મહામારી વચ્ચે ગુરૂવારે ડીસા બનાસ નદીના પટમાંથી યુવકનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. જે બાદ સામાજીક ગરમાવા બાદ આજે ડીસા તાલુકા પોલીસે એક આરોપીની અટકાયત કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીને હોસ્પિટલની નોકરીમાંથી નીકાળવામાં મૃતકે ડોક્ટરની કાન ભંભેરણી કરી હોવાની શંકા રાખી હત્યા કરાઈ હોવાનું સામે આવ્યુ છે. આ તરફ મૃતકના પરિવારજનોએ પોલીસની કામગીરી સામે આક્ષેપો કર્યા છે કે હત્યા કેસમાં વધુ આરોપીઓ હોવા છતાં પોલીસે માત્ર એક ઈસમની અટકાયત કરી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસામાં ગુરૂવારે નદીના પટમાંથી હત્યા કરાયેલી સુરેશભાઈ બારોટનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની વિગત એવી છે કે મૃતક સુરેશભાઈ અને આરોપી સાગર બારેચા પ્રવિણભાઈ ઠક્કરની વિશ્વાસ ઓર્થોપેડીક હોસ્પિટલ ખાતે પ્રાઈવેટ નોકરી કરતા હતા. આ દરમ્યાન ગત ૧૮ ઓગસ્ટના રોજ દવાખાનામાં એક્સ-રે સિસ્ટમમાંથી અગત્યનું સોફ્ટવેર ડીલેટ થઈ જતાં ભૂલને કારણે આરોપી સાગરને નોકરીમાંથી છુટો કરવામાં આવ્યો હતો.